# અરવલ્લી જિલ્લા કોંગ્રેસના મંત્રી ભાજપમાં જોડાયા

## મોદી કહે છે ભ્રષ્ટાચાર હટાવો, ગરીબી હટાવો તો આ લોકો મોદી હટાવવા નીકળ્યા છે : અરવલ્લીના મેઘરજમાં મુખ્યમંત્રીની જાહેરસભા યોજાઈ

અરવલ્લી જિલ્લામાં આદિજાતિ પછાત મેઘરજ ખાતે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે સવારે વિશાળ જનમેદનીને સંબોધતા કોંગ્રેસને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યું કે પીએમ નરેન્દ્રભાઈ મોદીનું આખું જીવન રાષ્ટ્રને સમર્પિત છે. તેમણે દેશની ચિંતા કરી છે અને તેમના હાથમાં જ દેશ સુરક્ષિત છે. તેઓ ઈમાનદારીથી આ દેશની સેવા કરી રહ્યા છે ત્યારે ચોર લોકો ચોકીદારને બેશરમ થઈને ચોર કહેવા નીકળ્યા છે, રાષ્ટ્રને જીવન સમર્પિત ઈમાનદાર ચોકીદાર સામે જેઓ ભૂતકાળમાં એક બીજાના મોઢા પણ જોવા તૈયાર ન હતા તેવા લોકો એમની મજબૂરીથી ભેગા થયા છે. એમને ભય છે કે ફરી પાછો બીજા પાંચ વર્ષ આ ઈમાનદાર ચોકીદાર વડાપ્રધાન બનશે તો દેશને લૂંટનારાઓને નહિ છોડે અને એના ભયથી જ ચોકીદારને વડાપ્રધાન બનતા રોકવા બધા ભેગા મળ્યા છે.

મુખ્યમંત્રી રૂપાણીએ વધુમાં કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું કે મોદી કહે છે ભ્રષ્ટાચાર હટાવો, ગરીબી હટાવો તો આ લોકો મોદી હટાવવા નીકળ્યા છે. દેશના હિત માટે કામ કરનાર મોદી અને રાષ્ટ્રવાદ એક તરફ છે તો બીજી તરફ પરિવારવાદ છે. પરિવારવાદમાં ખુપેલી કોંગ્રેસ પાસે દેશ હિતના કોઈ મુદ્દા જ નથી દેશના હિતને જોખમે પરિવારના હિત સિવાય બીજું કંઈ નથી. એક બાજુ સર્વ ધર્મ સમભાવનું હિત જોનાર છે અને ગરીબો, કોઈપણ ધર્મ માટે સર્વને સમાન હક્ક આપનાર છે.

સોનિયાના ઈશારે દસ વર્ષ કોંગ્રેસની સરકાર ચાલી ત્યારે શું કર્યું ? મુંબઈના સૌથી મોટા હુમલા સહિતના જુદા જુદા સ્થળોએ




થયેલા આતંકવાદી હુમલામાં ત્રણ ત્રણ દિવસ આતંકવાદીઓએ ત્રાસ ગુજાર્યો ત્યારે આતંકીઓ સામે શુ પગલાં લીધા ? તેવો પ્રશ્નાર્થ કરીને મુખ્યમંત્રીએ કહ્યું કે સેનાએ જ્યારે સર્જીકલ સ્ટ્રાઈક કરી ત્રાસવાદીઓને ઉડાડી દીધા તેના પુરાવા માંગવા નીકળ્યા છે!! કોંગ્રેસે દેશના બે ભાગલા પડ્યા હતાં. એ સમયે દેશનું સુકાન સરદાર સાહેબને સોંપ્યું હોત તો આજે કાશ્મીરની કોઈ સમસ્યા જ ન હોત.. સરદાર અને મોરારજી દેસાઈને હાસિયામાં ધકેલીને પરિવારવાદ જ કરતા રહ્યા.

અંતમાં મુખ્યમંત્રીએ કહ્યું કે કેન્દ્રમાં પાંચ વર્ષના શાસન દરમીયાન ૫૦ કરોડ પરિવારોને આરોગ્ય સેવા સારવાર માટે પાંચ લાખની રકમની સહાયની આશિર્વાદરૂપ યોજના સહિતની ગરીબો, મધ્યમવર્ગ, ખેડૂતોને પેન્શન, ગેસ ચૂલા અને જોડાણ, ૩૦ કરોડ ગરીબોને શૌચાલયો આપવા સહિતના લોક સુખકારીના કામયાબી ભર્યા સેવાના કામો કર્યા છે. ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન કલ્યાણ યોજના થકી બરોબર ખાતામાં સહાયની રકમ ચૂકવવાનો પ્રારંભ થયો છે. ૨૦૨૨ સુધીમાં ગરીબોને પોતાના મકાન મળશે. માત્ર ગરીબી હટાવોના સ્વપ્ર નહિ સાચા અર્થમાં સમાજના તમામ વર્ગોના ઉત્થાનની ચિંતા ભાજપની મોદી સરકારે કરી છે. કોંગ્રેસ માત્ર દિવાસ્વપ્રો જ બતાવે છે શાણા લોકો એમની વાતથી ભરમાય તેમ નથી. સારા ખોટાને પારખનાર જનતા જનાર્દન ચૂંટણીમાં આ જિલ્લામાંથી પણ જંગી મતોથી ભાજપનું કમળ દિલ્હી મોકલશે તેવો આશાવાદ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ જાહેરસભામાં સાબરકાંઠા લોકસભા બેઠકના પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, ભાજપના જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી,લોકસભા સહ ઈન્ચાર્જ કનુભાઈ પટેલ, મહામંત્રી શામળભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર, પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી હીરાજી ડામોર, જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ ભીખાજી ડામોર, પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર, જિલ્લા ઉપપ્રમુખ કાળુભાઈ ડામોર, લોકસભા મીડિયા ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલ, વિધાનસભા ઈન્ચાર્જ ભીખુસિંહ પરમાર, પી.સી.બરંડા, વિરોધ પક્ષના નેતા રાજેન્દ્રભાઈ જે.પટેલ, નીલાબેન મડીયા, શ્રીમતિ પ્રક્ષિતાકુમારી જાડેજા, મંડલ પ્રમુખ ભૂપતસિંહ ચૌહાણ, જિલ્લા પં. સદસ્ય શ્રીમતિ રમિલાબેન ડામોર, મેઘરજ તા.પં. પ્રમુખ શ્રીમતિ સુરતાબેન ડામોર, જિલ્લા સંઘના ચેરમેન અને જિલ્લા દલિત મોરચા પ્રમુખ દિનેશભાઈ, જિલ્લાના આગેવાનો, વિવિધ મોરચાના કાર્યકરો ઉપસ્થિત રહ્યયા હતા. નેઆ જાહેર સભામાં સ્થાનિકો તેમજ નાગરિકો હજારોની સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# કમલનાથને ત્યાં ચોકીદારે દરોડા પડાવ્યા : રૂપાણી

## સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર દીપસિંહ રાઠોડનું નામ લેવાનું ભૂલ્યા

લોકસભા ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યાં જ સમગ્ર રાજ્યમાં તમામ પાર્ટીઓ ચૂંટણીનો પ્રચાર કરી રહી છે તો કેટલીક નેશનલ પાર્ટીએ પોતાના હાઈ-પ્રોફાઈલ નેતાનો સહારો લઈ જનતાને આકર્ષી રહી છે. મેઘરજ ખાતે સાબરકાંઠા લોકસભા ચૂંટણીને લઈ યોજાયેલી જાહેરસભામાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોંગ્રેસને આડે હાથે લઈ આકરા પ્રહારો કર્યા હતા અને આપણા ચોકીદાર ચોર નહિ શ્યોર છે એકબાજુ ચોકીદાર છે બીજુબાજુ ચોરોની જમાત ભેગી થઈ હોવાનું જણાવ્યું હતું. રાહુલ બાબાને ખેડબ્રહ્માનું નામ પણ બોલતા નહિ આવડતું હોય તેવા તીખા વાકબાણ કરનાર મુખ્યમંત્રી વિજય રૂપાણી ખુદ સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર દીપસિંહ રાઠોડનું નામ લેવાનું ભુલી ગયા હતા અને નરેન્દ્ર મોદી




અને કમળના નિશાનને વોટ આપવા અપીલ કરતા ઉમેદવારનું નામ જ સભા દરમિયાન ન બોલતા લોકોમાં તરહ-તરહની ચર્ચાઓ પેદા થઈ હતી.

મધ્યપ્રદેશના કોંગ્રેસના મુખ્યમંત્રી કમલનાથ સાથે સાંકળયેલા લોકોના ૫૦ ઠેકાણે આઈ.ટી એ દરોડા પાડ્યા હતા. લોકસભાની ચૂંટણીમાં વૈમનષ્ય રાખી ભાજપના ઈશારે આવકવેરા વિભાગે દરોડા પાડી કરોડો રૂપિયા રોકડા અને બેનામી બિનહિસાબી સંપત્તિ મળી આવી હતી. કોંગ્રેસે આદર્શ આચારસંહિતા ક્યાં છે..? કેન્દ્ર સરકાર આવકવેરા વિભાગના અધિકારીઓને કઠપૂતળી બનાવીને કોંગ્રેસ સામે ઉપયોગ કરી રહી હોવાના આક્ષેપ કર્યા હતા. ભાજપના નેતાઓ અને પ્રવક્તાઓ એ કોંગ્રેસના આક્ષેપને ફગાવી દીધા હતા ત્યારે કોંગ્રેસના આક્ષેપને સાચા પુરવાર કરતા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે ચાર મહિનામાં મધ્યાન ભોજનમાં ગોટાળો કરી ૭૦૦ કરોડનું કૌભાંડ આચરતા ચોકીદારે રેડ પડાવી બધા બેમાં લોકો પાસેથી રૂપિયા નીકળ્યા એટલે બૂમો પાડે છે તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું એટલે બધા ભેગા થઈ મોદી હટાવો મોદી હટાવોની બૂમો પાડે છે. મોદી વધુ ૫ વર્ષ રહેશે તો આ બધા કૌભાંડીઓ જેલ ભેગા કરી દેશે ચોકીદાર ચોર નહિ શ્યોર હોવાનું જણાવ્યું હતું.

મોદી સરકારની જનધન યોજના, આયુષ્માન યોજના, ઉજ્જવલા યોજના, ઉજાલા યોજના, કિસાન નિધિ યોજના, ફસલ વીમા યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજનાની સિદ્ધિઓ વર્ણવી હતી. કોંગ્રેસ ગરીબો, દલિતો, મુસ્લિમોના મતો મેળવવા ભાગલા પાડી રહી છે ભાજપ રાષ્ટ્રવાદમાં માનતી પાર્ટી હોવાની સાથે કોઈ પણ સમાજ કે જાતિના દરેક વ્યક્તિના વિકાસમાં માનતી હોવાનું જણાવ્યું હતું. દેશનો કોઈ પણ ગરીબ વ્યક્તિ મોહન, માઈકલ, મોહહમદ કે પછી મનમોહન સીંગ હોય તમામ લોકોને સરખો ન્યાય અને વિકાસ થશે તેમ કહી પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની ઠેકડી પણ ઉડાડવાનું ચુક્યા ન હતા.

# ધાનેરા વિસ્તારમાં આરટીઓ અધિકારીએ ખાખીનો રોફ બતાવી ગાડીઓ ચૂંટણીમાં બાંધી

## આરટીઓ અધિકારીએ તેની નેમ પ્લેટ પણ છુપાવી : દાદાગીરીથી વાહન ચૂંટણીમાં બાંધતા લોકોમાં ભારે નારાજગી



ધાનેરા, તા.૧૩

ધાનેરા વિસ્તાર આરટીઓ અધિકારીની લુખ્ખી દાદાગીરી સામે આવી હતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આરટીઓ અધિકારી દ્વારા ધાનેરા વિસ્તારના વાહન ચાલકોને રોકી રોફ જમાવતા નજરે ચડ્યા હતા. જે વાહન ચાલક ચૂંટણીમાં ગાડી બાંધવાની ના પાડે તેની ગાડી ડિટેન કરવાની અને મેમો આપવાની ધમકી આપી ગાડીઓ ચૂંટણીમાં બાંધી હતી. સમગ્ર બાબતે વાહન ચાલકો દ્વારા મીડિયાને જાણ કરતા મીડિયા ઘટના સ્થળે આવી પહોંચતા અધિકારીઓ ત્યાંથી ઉભી પૂછડિયે ભાગ્ય હતા.

લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે તમામ પક્ષના નેતાઓ ચૂંટણી જીતવા માટે રાત-દિવસ મહેનત કરી રહ્યા છે ત્યારે કેટલાક ઉચ્ચ કક્ષાના અધિકારીઓ આ નેતાઓની મહેનત ઉપર પાણી ફેરવતા જોવા મળી રહ્યા છે. ધાનેરાના સામરવાડા ગામ પાસે આજે એક આરટીઓ અધિકારી ગાડી નં **GJ 08 GA 1111** લઈને ઉભા હતા અને જે વાહન ચાલક ત્યાંથી પસાર થાય તેને ધાકધમકી આપી જણાવતા હતા કે તમારે ગાડી ચૂંટણીમાં બાંધવી પડશે અને જો કોઈ વાહન ચાલક ગાડી બાંધવાની ના પાડે તો તેની ગાડી ડિટેન કરવાની અને મેમો આપવાની બીક બતાવી ગાડીઓ ચૂંટણીમાં બાંધી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સમગ્ર બાબતે વાહન ચાલકો દ્વારા મીડિયાને જાણ કરતા મીડિયાની ટિમ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને ત્યાં જઈ જોયું તો એક અધિકારી ગાડી લઈને ખાખી વર્ધીનો ખોફ વાહન ચાલકોને બતાવી રહ્યા હતા અને કેમેરા જોઈ તેમની નેમ પ્લેટ પણ સંતાડી દીધી હતી માટે તેમની ઓળખ છતી ન થાય. સમગ્ર ઘટના કેમેરામાં કેદ કરતા અધિકારીઓ ત્યાંથી ઉભી પૂંછડીએ ભાગ્ય હતા. આમ તો આરટીઓ અધિકારી તેમની દાદાગીરીથી વાહનો ચૂંટણીમાં બાંધી સરકારની આબરૂના ધજાગરા ઉડાવી રહ્યા છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે સરકાર આ અધિકારીઓ સામે શુ પગલાં ભરે છે તે તો સમય જ બતાવશે.

# અરવલ્લી જિલ્લામાં બપોરના સમયે સનસ્ટ્રોકના કેસ વધ્યજ

મોડાસા, તા. ૧૩

હાલમાં ઉનાળાની



સિઝનનો પ્રથમ તબક્કો ચાલી રહ્યો છે તેવામાં શરૂઆતથી જ ગરમીનો પારો ૪૦ થી ૪૨ ડિગ્રી સુધી ચઢ-ઉતર રહેતા મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના પ્રજાજનો આકુળ-વ્યાકુળ થઈ જવા પામ્યા છે. ત્યારે ગરમીના કારણે વિવિધ જાતની બીમારીઓ સાથે આકસ્મિક દર્દીઓનો વધારો થતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સની કામગીરીમાં વધારો થઈ જવા પામ્યો છે.

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં સપ્તાહથી ગગનમાંથી આગના ગોળા વરસતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અસહ્ય ગરમીના પગલે હાઈપર ટેન્શન, છાતીમાં દુખાવાના, સામાન્ય દુખાવાના, ગભરામણ થવાના, છાતીમાં દુખાવો ઉપાડવો, ડિહાઈડ્રેશન ના ૧૦૮ એમ્બ્યુલન્સમાં ૨૬ ઈમર્જન્સી કોલ આવતા સ્થળ પર પહોંચી સારવાર આપવાની ફરજ પડી હતી. મોડાસા નજીક અમલાઈ પ્રાથમિક શાળામાં ગુરુવારે ચાલુ પરીક્ષાએ ધો-૮નો વિદ્યાર્થી ઢળી પડતા ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે શાળામાં પહોંચી બાળકને સ્થળ પર પહોંચી સારવાર આપી હતી.

ઉનાળામાં ગરમી અને લુ થી બચવા સતત પાણી પીવાની અને વધુ માત્રામાં પ્રવાહી પર નિર્ભર રહેવા અને બપોરના સમયે ઘરની બહાર નહિ નીકળવાની સલાહ નિષ્ણાત તબીબો દ્વારા પ્રજાજનોને આગ્રહ કર્યો છે.

# પાલનપુર એલસીબી પોલીસે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો

બનાસકાંઠામાં ચોરીના બનાવો દિન પ્રતિ દિન વધી રહ્યા છે. જેના પગલે જિલ્લા પોલીસ વડા પદિપ સેજુળ દ્વારા તમામ પોલીસને ચોરીના ભેદ ઉકેલવા માટે સુચના આપવામાં આવી હતી.જેથી તાજેતરમાં કાંકરેજ તાલુકાના ખીમાણા નજીકથી સોના ચાંદીના દાગીના અને રોકડ મળી અંદાજીત રૂ.૨૦ લાખની ચોરી થઈ હતી. આ ચોરીના મુદ્દામાલને આરોપીઓ દ્વારા ગાળી પાટો બનાવવામાં આવતો હતો.જેની બાતમી એલસીબી પોલીસને મળતા એલસીબી પીઆઈ પી.એલ. વાઘેલા, પીએસઆઈ નયનભાઈ પરમાર પોલીસે બાતમીના આધારે આઠ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા.જેની આકરી પુછ પરછ કરવામાં આવતા ચોરીની કબુલાત કરી હતી.જેથી પોલીસે તેમની પાસેથી ૧૪ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગુનેગારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

# ધાનેરામાં કોંગ્રેસ કાર્યાલયનું ઉદ્ઘાટન : ૧૦૦ જેટલા ભાજપના કાર્યકર્તાઓ કોંગ્રેસમાં જોડાયા






ધાનેરામાં લોકસભા કોંગ્રેસ ઉમેદવારના પુત્ર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને કોંગ્રેસના આગેવાનો દ્વારા કોંગ્રેસના ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જેમાં ધાનેરા નગરપાલિકા પૂર્વ ઉપપ્રમુખ સહીત ૧૦૦ જેટલા ભાજપના કાર્યકર્તાઓ ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાતા ધાનેરામાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.

ધાનેરા-થરાદ રોડ ઉપર આજે કોંગ્રેસના ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જેમાં બનાસકાંઠા લોકસભા સીટના ઉમેદવર પરથીભાઈ ભટોળના પુત્ર વશંતભાઈ ભટોળ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી, ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ, માજી ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ વશંતિબેન ગલચર, બળવંતભાઈ બારોટ સહીત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા ત્યારે કોંગ્રેસના આગેવાનોએ પરથીભાઈને જીતાડવા માટે હાકલ કરી હતી.

ધાનેરા નગરપાલિકા પૂર્વ ઉપપ્રમુખ ઈસાજી પીરાજી રાજપૂત અને ૧૦૦ જેટલા ભાજપના કાર્યકર્તાઓ કોંગ્રેસમાં જોડાતા ભાજપમાં રાજકીય ભૂકંપ સર્જાયો હતો ત્યારે બંને પક્ષો ચૂંટણી જીતવા માટે એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં જીવન જોખમે ટ્રાફિકના નિયમનું ઉલ્લઘન કરી જોખમી મુસાફરી કરતા એલ.આર.ડી. જવાનો

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના તંત્ર અને આરટીઓ તંત્ર ભ્રષ્ટાચારના માર્ગે વળ્યું હોવાથી નિયમોનું પાલન ઓછું અને ખિસ્સા ભરવાનું કામ વધુ પ્રમાણમાં ચલાવી રહ્યા હોવાની અનેક બૂમો ઉઠી છે. ખાનગી વાહન ચાલકો ક્ષમતા કરતા ત્રણથી ચાર ગણા વધુ મુસાફરો જીવન જોખમે ભરી ગેરકાયદેસર બેફામ વાહનો હંકારી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની જવાબદારી છે એવા લોક રક્ષક દળના જવાનો પીક-અપ ડાલામાં ખીચોખીચ ભરી જીવના જોખમે મુસાફરી કરવા મજબુર બન્યા હોય તેમ મોડાસાના બાયપાસ રોડ પરથી પસાર થતા કેમેરામાં કેદ



થતા કાયદાના રક્ષક જ કાયદાનું પાલન કરવામાં ઉણા ઉતાર્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

લોકસભા-૨૦૧૯ની ચૂંટણીને લઈને અરવલ્લી જીલ્લામાં નેતાઓની અવર-જવર વધી જતા અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી છે. શનિવારે મોડાસા શહેરના બાયપાસ રોડ પરથી નંબર પ્લેટ વગરના પીકઅપ ડાલામાં અંદાજે ૫૦ જેટલા લોકરક્ષક દળના જવાનો જીવના જોખમે મોતની મુસાફરી કરતા અને પીકઅપ ડાલામાં લટકીને પસાર થતા જોવા મળતા પોલીસતંત્રના કર્મચારીઓની હાલત આવી હોય તો સામાન્ય મુસાફરો સાથે ખાનગી વાહનચાલકો કેવી રીતે મજબુરીનો ફાયદો ઉઠાવી મુસાફરી કરાવતા હશે તેતો વિચારવું રહ્યું.

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં એસટી બસ પુરતા પ્રમાણમાં સુવિધા ઉપલબ્દ્ધ ન હોવાથી પ્રજાજનો તો જીવન જોખમે મુસાફરી કરતા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળે છે ત્યારે આજે પોલીસતંત્રના કર્મચારીઓ પણ સતત ફરજના સ્થળે ફરજ બજાવવા જીવન જોખમે મુસાફરી કરવા મજબુર બન્યા હતા.

# ડીસામાં ચેક પરતના કેસમાં એક વર્ષની સજા અને ૧૧ લાખનો દંડ

ચેક પરત ફરવાના વધતા જતા ગુનાઓને ગંભીરતાથી લઈ ડીસાના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એ આરોપીને એક વર્ષની કેદ અને ૧૧ લાખનો દંડ તથા દંડની રકમ ન ભરે તો વધુ ૧૮૦ દિવસની સજાનો હુકમ કર્યો હતો.

કેસની મળતી ટૂંકી વિગતો મુજબ ડીસાના સુરેશભાઈ જ્યંતીલાલ પટેલ રુદ્રાક્ષ એન્ટરપ્રાઈઝના નેજા હેઠળ નાણાં ધીરધાર કરે છે જેમની પાસેથી પેછડાલ ગામના ભરતભાઈ અરજણભાઈ ચૌધરીએ તા.૨૧/૬/૨૦૧૭ નારોજ રૂ. ૩૫૦૦૦૦ જરૂરી દસ્તાવેજ આપી વાર્ષિક ૧૮ ટકાના વ્યાજે લીધેલ જે રકમ ત્રણ માસમાં પરત અને વ્યાજ દર મહિને આપવાનું નક્કી થયેલ ત્યારબાદ વધુ નાણાં ની જરૂર પડતા તા.૮/૮/૨૦૧૭ ના રોજ રૂ.૪૫૦૦૦૦ ની માંગણી કરી બન્ને રકમ વ્યાજ સાથે બે માસમાં આપી દેવાનું જણાવેલ જે થી તેમણે વિશ્વાસ રાખી તેમના કોરા ચેક લઈ ૧૮ ટકાના દરે રકમ આપેલ પરન્તુ તેણે સમય મર્યાદામાં રકમ ન ચુકવતા તેમણે ઉઘરાણી કરેલી જેથી આરોપીએ ૮ લાખનો વિજયા બેન્કનો ચેક આપેલ અને વ્યાજ રોકડે આપવાનું જણાવેલ જે ચેક તેમણે બેંકમાં વટાવતા ખાતામાં ઓછી રકમના કારણે ચેક પરત ફરેલ.જે બાબતની આરોપીને જાણ કરી તા.૧૭/૧/૨૦૧૮ ના રોજ કાનૂની નોટિસ ફટકારેલ તેમ છતાં નાણાં ન ભરતા કોર્ટમાં કેસ દાખલ કરેલ સદરહુ કેસ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં ચાલી જતા તેમણે આરોપીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ માં કસૂરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદ અને ૧૧ લાખનો દંડ અને તેમાંથી ફરિયાદીને ૧૦ લાખના વળતર તેમજ દંડ ન ભરે તો વધુ ૧૮૦ દિવસ ની સજાનો આદેશ કર્યો હતો.

# સરહદી વાવ પંથકમાં ભાજપ તરફી ભારે જુવાળ

લોકસભાની ચૂંટણીનું પ્રચાર કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે જિલ્લાના સરહદી વાવ પંથકમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરબતભાઈ પટેલને ભારે આવકાર સાંપડી રહ્યો છે અને વાવ થરાદ સુઈગામનો સમગ્ર સરહદી વિસ્તાર પોતીકા ઉમેદવારને જંગી મતોની લીડથી વિજયી બનાવવા થનગની રહ્યો છે. બનાસકાંઠા લોકસભા ભાજપના ઉમેદવાર સાથે વિસ્તારના લોકપ્રિય પૂર્વ ધારાસભ્ય, રાજ્યના પુર્વમંત્રી અને એશિયાની સૌથી મોટી ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી પણ જોડાયા હતા. સમગ્ર વિસ્તારની પ્રજા આજે પોતાના પૂર્વ ધારાસભ્ય અને હંમેશાં સુખ-દુઃખમાં પ્રજાની પડખે



રહેનારા સરહદના સંત્રી શંકરભાઈ ચૌધરીને ભારે ઉત્સાહથી આવકારીને પુનઃ આ વિસ્તારમાં ભાજપનો ભગવો લહેરાવવા માટે સૌ કટિબદ્ધ બન્યા હતા. બંને આગેવાનોએ વાવ પંથકના સણવાલ, ઢીમા, તીર્થગામ, સુઈગામ, મીઠા, ચેમ્બુવા અને ભાભર ગામોએ એકઠી થયેલ વિશાળ જનમેદનીનુ અભિવાદન ઝીલીને દેશના બાહોશ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પુનઃ દેશના વડાપ્રધાન પદે આરૂઢ કરવા આહ્વાન કર્યું હતું.